# અરવલ્લી જિલ્લા પંચાયતનું ૧૧૮૪.૬૨નું બજેટ મંજુર

## જિલ્લા પંચાયત પ્રમુખે સતત ત્રીજા વર્ષે જીલ્લાના સર્વાંગી વિકાસનું બજેટ ગણાવ્યું

અરવલ્લી, તા. ૨૨

અરવલ્લી જીલ્લા પંચાયતના નવીન ભવનમાં યોજાયેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૮-૧૯નું વાર્ષિક અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું હતું. જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જીલ્લાના તમામ વર્ગના લોકો અને ખાસ કરીને શહેરો સાથે ગ્રામીણ વિસ્તારોને વિકાસને વેગ મળે અને નવસર્જન ગુજરાતના કાર્યક્રમને બળ મળે અને જીલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બજેટ રજુ કર્યું હતું અને જણાવ્યું હતું કે જીલ્લા પંચાયતની આવક સીમિત હોવા છતાં કોઈ પણ જાતના નવા કરવેરા ગ્રામ્ય પ્રજા પર લાદવામાં આવ્યા નથી તેમ જણાવી રૂ.૧૧૮૪.૬૨ કરોડનું બજેટ રજુ કરતા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

ગુરુવારે બપોરે ૧ કલાકે અરવલ્લી જીલ્લા પંચાયતના સભાખંડમાં યોજાયેલ સામાન્ય સભામાં ડીડીઓ સ્તૃતિ ચારણની અધ્યક્ષતામાં વર્ષ ૨૦૧૮-૧૯ નું વાર્ષિક અંદાજપત્ર (બજેટ) સત્તા પક્ષ કોંગ્રેસ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ ગરીબો, ખેડૂતો, પશુપાલકો અને આરોગ્ય ક્ષેત્રે વિશેષ જોગવાઈ સાથે જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે વિકાસ લક્ષી હોવાનું જણવ્યું હતું અને જીલ્લાના અંદાજપત્રમાં સ્વભંડોળ ખર્ચની માહિતી અપાતા જણાવ્યું હતું કે પંચાયત અને વિકાસ ક્ષેત્રે રૂ. ૧૦૦.૨૦ લાખ, શિક્ષણ ક્ષેત્રે રૂ. ૬.૦૫ લાખ, આરોગ્ય અને આયુર્વેદ ક્ષેત્રે રૂ.૭.૨૫ લાખ, ખેતીવાડી ક્ષેત્રે રૂ. ૧.૫૦ લાખ, પશુપાલન ક્ષેત્રે રૂ. ૧.૨૫ લાખ, કુદરતી આફત માટે રૂ. ૩ લાખ તથા પ્રકીણ કામો માટે રૂ. ૨ લાખ, આંકડા અને કોમ્પ્યુટર ક્ષેત્રે રૂ. ૫.૩૦ લાખ, સમાજ કલ્યાણ ક્ષેત્રે રૂ. ૬.૮૫ લાખ, જાહેર બાંધકામ ક્ષેત્રે રૂ. ૨૯ લાખની બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી તેમજ જીલ્લા પંચાયતના તમામ સદશ્યો તેમના વિસ્તારમાં વિકાસના કામો કરી શકે તે માટે ૯૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી અને જીલ્લા પંચાયત પ્રમુખે તમામ સદસ્યોને એક સાથે રહી જીલ્લાના સર્વાંગી વિકાસ માટે સહકાર આપવા અપીલ કરી હતી.



જીલ્લા પંચાયત બજેટની સામાન્ય સભામાં જીલ્લા પંચાયતના તાબા હેઠળ આવતા અધિકારીઓ અને કર્મચારીઓની કામનું મૂલ્યાંકન કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો.





## વિશ્વ જળ દિવસે મેઘરજમાં પાણીની મેઈન લાઈનમાં ભંગાણ : હજ્જારો લીટર પાણી વેડફાયું

એક તરફ લોકો પાણી માટે તરસી રહ્યાં છે, તો બીજી તરફ પાણીનો બગાડ કરવામાં આવી રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં પાણીની અછત છે અને વિશ્વ જળ દિવસના રોજ પાણી બચાવવા વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા. ત્યારે બીજી બાજુ અરવલ્લી જિલ્લાના મેઘરજ ગામમાં પાણીનો બગાડ થતો જોવા મળતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મેઘરજમાં ગાયત્રી મંદિર વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતા પાસે હજારો લીટર પાણીનો વેડફાડ થઈ રહ્યો હતો અને પાણીના વેડફાડ અંગે તંત્ર અજાણ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે નગરજનોને પીવાનું પાણી નથી મળતું તો બીજી તરફ આ રીતે સમગ્ર મેઘરજમાં પાણીનો વ્યય થતા લોકો પાણી લઈને મુશ્કેલીમાં મુકાય રહ્યાં છે. ઉનાળાની પ્રારંભમાં જ લોકો પાણી માટે તરસી રહ્યાં છે. ભર ઉનાળામાં લોકોની કેવી સ્થિતિ રહે તે જોવાનું રહ્યું. પાણી બચાવો જીવન બચાવો જેવા સૂત્રો માત્ર સરકારના જાહેરાતો માટે જ સાબિત થતા હોવાના દ્રશ્યો મેઘરજમાં સર્જાયા હતા. પાણી વહેવાની ગતિ વધુ હોવાના કારણે માટીના વાસણો બનાવવાના કાચો માલ પલળી ગયો હતો અને તણાઈ પણ ગયો હતો. નીચાણવાળા ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. અને ચોમાસામાં જે પરિસ્થિતિ સર્જાય એ પરિસ્થિતિનો સામનો કરવાનો વારો આવ્યો હતો. ગ્રામ પંચાયતની નબળી કામગીરીથી આ લીકેજ થવાનું અને લીકેજ પછી જલ્દી લીકેજ બંધ ન કરવાથી હજારો લીટર પાણી સાથે રહીશોને થોડા સમય માટે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. જોકે મોડે મોડે જાગેલા જવાબદાર તંત્ર દ્વારા મુખ્ય લાઈનનો વાલ્વ બંધ કરી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ભિલોડાના પાલ્લા ગામે ધો-૮ના વિદ્યાર્થીનું અપહરણ

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામમાં શ્રી આર.એચ.પટેલ વિદ્યાલય ધોરણ.૮ માં અભ્યાસ કરતો ૧૩ વર્ષના વિદ્યાર્થીને અજાણ્યા ઈસમોએ લલચાવી ફોસલાવી સરદાર કુમાર છાત્રાલય પાલ્લા ગામમાં રહેતાં વિદ્યાર્થીનું અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી છે.વિદ્યાર્થીના પિતાની ફરીયાદના અધારે શામળાજી પોલીસએ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલ્લા ગામની શ્રી આર.એચ.પટેલ વિદ્યાલયમાં ધોરણ.૮ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પાલ્લા ગામની સરદાર કુમાર છાત્રાલયમાં રહેતો રીતેશ કરશનભાઈ રાઠવાને અજાણ્યા ઈસમોએ લલચાવી ફોસલાવી અપહરણ કર્યું હતું.સગીર વયના માસુમ વિદ્યાર્થીની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં વિદ્યાર્થીના પિતા કરશનભાઈ સબુરભાઈ રાઠવાએ પોલીસ સ્ટેશનમાં અપહરણ સંદર્ભે શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ



અપહરણનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ભિલોડા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર,એમ.ડી.પરમારએ માસુમ બાળકના અપહરણ સંદર્ભે વિધિવત રીતે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના મોટી ઉભરવાણ ગામના કરશનભાઈ સબુરભાઈ રાઠવા હાલ રહેવાસી મોડાસા મજુરીનું કામકાજ કરી ગુજરાન ચલાવી રહ્યા છે ત્યારે તેમના બે પુત્રો એક વર્ષથી ભિલોડા તાલુકાના પાલ્લા ગામની શ્રી આર.એચ.પટેલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા.સરદાર કુમાર છાત્રાલયમાં રહેતા હતા.મોટો પુત્ર રાકેશ કરશનભાઈ રાઠવા હાલના તબક્કે ધોરણ.૧૦ માં અભ્યાસ કરે છે.રીતેશભાઈ કરશનભાઈ રાઠવા રંગે ઘઉંવર્ણા છે.લીલી કલરની લીટીવાળો શર્ટ,કાળા કલરનું જીન્સ પેન્ટ પહેર્યું હતું.જમણા હાથના કાંડાના ભાગે આર કોતરાવેલો છે.

સરદાર કુમાર છાત્રાલય,ગૃહપતિ કચરાભાઈ સરદારભાઈ તરારએ જણાવ્યું હતું કે રીતેશ રાઠવા રજા હોવાના કારણે વિદ્યાર્થીઓને કહ્યું કે હું શામળાજી જાવ છું તેમ કહી થેલો ભરાવી નીકળી ગયો હતો.પાછો આવી જાવ છું તેવું કહી છાત્રાલયના પાછળના ભાગેથી નીકળી ગયો હતો.શોધખોળ કરવા છતાં રીતેશની ભાળ ન મળતાં તેના પિતાજીને સમાચાર મોકલાવ્યા હતા પરંતુ હાલમાં રીતેશ ક્યાં હશે તેની અમને ખબર નથી તેમ જણાવ્યું હતું.

# ખેડબ્રહ્મા નગરપાલિકાએ ૧૫૦૦ જેટલા વેરા બાકીદારો સામે કરી લાલ આંખ

## નોટિસ ફટકારી કપાશે નળના જોડાણ : ૧.૩૮ કરોડ બાકીમાં ૧.૧૧ કરોડ રીઢા બાકીદારોની પાછલી બાકી છે

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ૧૫૦૦ કરતા વધુ કરવેરા બકીદારોને નોટિસ ફટકારવામાં આવી છે. રૂ. ૧.૩૮ કરોડની બાકી રકમમાં રૂ. ૧.૧૧ કરોડ પાછલી બાકીના છે બે કે તેથી વધુ વર્ષના બાકીદારો સામે નળ કનેક્શન કાપવા તેમજ જપ્તી સુધીના પગલાં ભરવામાં આવશે.

ખેડબ્રહ્મા નગરપાલિકાનું ૨૦૧૭-૧૮ના વર્ષનું રૂ. ૨.૬૨ કરોડના કરવેરાના માંગના સામે માત્ર રૂ. ૧.૨૪ કરોડની નબળી વસુલાત કરવામાં આવી છે. રૂ. ૧.૩૮ કરોડની કરવેરા બાકીદારોમાં ૧૫૦૦ જેટલા બાકીદારોને નોટિસ ફટકારવામાં આવી છે. આ બકીદારો સમય મર્યાદામાં બાકીવેરા ભરવામાં કસૂર કરશે તો નળ કનેક્શન કાપવામાં આવશે અને તથા જપ્તી સુધીની કાર્યવાહી કરવામા આવશે. કરવેરા અધિકારીના જણાવ્યા અનુસાર બે કે તેથી વધુ વર્ષના રીઢા બકીદારો વિરુદ્ધ ત્વરિત કાર્યવાહી કરવામાં આવશે. રૂ. ૧.૩૮ કરોડ કરવેરામથી રૂ. ૧.૧૧ કરોડની પાછલી બાકી છે ચાલુ વર્ષની કરવેરાની બાકી માત્ર ૨૭ લાખ જ છે. પાછલી બાકીમાં રૂ. ૪૮ લાખ જેટલી રકમ ૧૮ ટકા દંડનીય વ્યાજ બાકીની રકમ છે. રૂ. ૪૮૧૩૨૧ જેટલી તો સરકારી કચેરીઓની જ બાકી છે. આમ સરકારી કચેરીઓ જ વેરા ભરવામાં ઉણી ઉતરી છે. જ્યારે ખેડબ્રહ્મા નગરપાલિકાની માત્ર માર્ચ માસ દરમિયાન ઉધરાણી કરે છે.

# વડગામના છાપી પાસે અરવલ્લી એક્સપ્રેસમાં ૩ મુસાફરો લૂંટાયા

વડગામ, તા. ૨૨

વડગામ તાલુકાના છાપી પાસે અરવલ્લી એક્સપ્રેસ ટ્રેનમાં લૂંટની ઘટના સામે આવી હતી. જેમાં મુંબઈથી જાલોર જતા ૩ મુસાફરોને માર મારી લૂંટી લેવાયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

રાજસ્થાનના ૩ પ્રવાસીઓ મુંબઈથી પોતાના વતન જાલોર જવા નીકળ્યા હતા. અરવલ્લી એક્સપ્રેસ ટ્રેનમાં આવી રહેલા રાજસ્થાની મુસાફરો સાથે ઝપાઝપી કરી માર મારી લૂંટી લેવાયા હતા. ટ્રેનમાં જ મુસાફરી કરી રહેલા અજાણ્યા ૬ થી ૮ શખ્સો ૮ હજારની રોકડ રકમ અને મોબાઈલની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. દરમિયાન, પાલનપુર રેલવે પોલીસે ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રેનમાં અસામાજિક તત્વોનો ત્રાસ વધતો જાય છે. ત્યારે રેલવે યાત્રિકોની સલામતી સામે સવાલો ઉભા થયા છે.

# થરાદના ખાનપુરથી દેવપૂરા સુધી નર્મદાની મુખ્ય નહેર પરની પાઈપો કપાતાં આક્રોશ

## નર્મદા વિભાગના અધિકારી તથા પોલીસે અંદાજે ૧૫૦ જેટલા ખેડૂતોના કનેક્શન કાપ્યા

ઉનાળામાં પાણીની ખેંચને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠાના સરહદી થરાદ-વાવ તાલુકાના મુખ્ય તથા માયનોર નહેર ઉપર ગેરકાયદેસર ઓઈલ એન્જિન ધરાવતા તમામ ખેડૂતોનાં પાણીના કનેક્શન (પાઈપલાઈન) હટાવી દેવાની સુચના આપવામાં આવી છે. જેના પગલે નર્મદા વિભાગ દ્વારા સમયાંતરે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં જ થરાદ વાવ તાલુકાની માઈનોર નહેર ઉપરના ખેડૂતોના ગેરકાયદે ઓઈલ એન્જિન હટાવ્યા બાદ ગુરુવારે ફરીથી પોલીસ તથા એસઆરપી સાથે રાખી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં થરાદ તાલુકાના ખાનપુરથી ભાભર તાલુકાના દેવપુરા વચ્ચે આવેલા મુખ્ય નહેરમાંથી પાણી લેતા ૧૫૦ જેટલા ખેડૂતોની પાઈપલાઈન (કનેક્શન) કાપી નાખવામાં આવી હતી. આથી ખેડૂતોમાં આક્રોશ સાથે અફરાતફરીનો માહોલ ફેલાવા પામ્યો હતો. જોકે પાણી નહિ લેવાના મુદ્દે આકરા પાણીએ રહેલા નર્મદા વિભાગે કોઈપણ ખેડૂતો નહેરમાંથી પાણી લેતા જણાશે તો તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.



## ધાનેરામાં ચકલી દિવસ નિમિત્તે બાળકોની રેલી યોજાઈ

ધાનેરામાં આજે વિશ્વ ચકલી દિવસ નિમિતે શાળાના બાળકો તેમજ વિવિધ સંસ્થાઓ સાથી મળીને રેલી કાઢી હતી. અને ચકલી બચાવવા માટે લોકોમાં જાગૃતતા આવે તે માટે બાળકોએ ચકલી બચાવોના પોસ્ટરો તેમજ હાથમાં ચકલીના માળા તેમજ પાણીના કુંડ રાખી ધાનેરાના જાહેર માર્ગો ઉપર ફર્યા હતા. આજે નાના બાળકોને ચકલી બતાવવી હોય તો ફોટો જ સહારો લેવો પડે એવી સ્થિતિ થઈ ગઈ છે. ચકલીઓ કેમ લુપ્ત થઈ રહી છે એ વિશે જાણકારો કહે છે કે શહેરીકરણે ચકલીઓ પર વજ્રઘાત કર્યો છે, વૃક્ષોનુ આડેધડ નિકંદન કાઢવામાં આવી રહ્યુ છે ત્યારે આજે ધાનેરામાં એજ્યુ ફન ફાઉન્ડેશન તેમજ માનવ સેવા સંગઠન અને વિવિધ સંસ્થાઓ દ્વારા ચકલી દિવસ નિમિતે શાળાના બાળકો સાથે ભવ્ય રેલી નીકાળવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોના હાથમાં ચકલી બચાવોના પોસ્ટર તેમજ ચકલીના માળા અને ચકલીને પીવાના પાણીના કુંડા હાથમાં રાખી રેલી ધાનેરાના તમામ માર્ગો ઉપર ફરી હતી અને લોકોને ચકલી બચાવવા માટે અપીલ કરી હતી.

# બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન-વાઈસ ચેરમેન બિનહરીફ

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન-વાઈસ ચેરમેનની મુદત પૂર્ણ થતાં ગતરોજ ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ચેરમેન-વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સહકારી અગ્રણીઓએ નવા સુકાનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે કાર્યરત બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન-વાઈસ ચેરમેનની મુદત પુર્ણ થતાં નવી વરણી માટે મંળવારે કચેરીના સભાખંડમાં ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે મેઘરાજભાઈ ગલબાભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે ખેતાભાઈ જગમાલભાઈ દેસાઈની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેમને હોદ્દેદારો અને સદસ્યોએ ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# માલપુરની વાત્રક નદીની કોતરોમાં તાંત્રિક વિધિના બહાના હેઠળ ભુવાએ સગીરા પર દુષ્કર્મ આચર્યુ

ધનસુરાના રમાણા ગામના એક વ્યક્તિ તાંત્રિક વિધિ અને ભુવા તરીકે સંતરામપુર પંથકમાં લોકો સાથે ઘરાબો ધરાવતા શખ્સે સંતરામપુર ભાથીજી મંદિર વિસ્તારમાં એક પરિવારની મોભી મહિલા બીમાર થતા તાંત્રિક વિધિથી બીમારી દૂર કરવાનું જણાવી મહિલાના પુત્ર અને તેની સગીરવયની પત્નીને માલપુર નજીક વાત્રક નદી નજીક બોલાવી દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાના પતિને મોડાસા માઝુમ નદીમાં પાણી અર્પણ કરવાનું જણાવી સગીર પીડિતાનો એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચરી ફરાર થઈ જતા મહિલાએ તેના પતિને જાણ થતા આભ તળે જમીન સરકી જતા દુષ્કર્મ અંગેની ફરિયાદ માલપુર પોલીસ સ્ટેશને નોંધાવતા માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રમાણા ગામના કાંતિલાલ અરજણભાઈ ભરવાડ નામનો શખ્સ તાંત્રિકવિધિ અને ભુવા તરીકે સંતરામપુરની ભોળી અને આદિવાસી પ્રજા સાથે વિધિના બહાના હેઠળ બીમારી દૂર કરવાની અસામાજિક પ્રવૃત્તિમાં સંકળાયેલો હોવાથી સંતરામપુર ભાથીજીના મંદિર વિસ્તારમાં રહેતા એક ઠાકોર પરિવાર સાથે સંપર્કમાં આવતા પરિવારની મહિલા બીમાર પડતા અને દવાઓથી ઝડપથી આરામ ન થતા કાંતિ ભુવાનો સંપર્ક કરતા બીમાર મહિલાના સગીરવયની પુત્રવધુ પર નજર પડતા જ મનમાં વાસનાનો કીડો સળવળતા મહિલાના પરિવારજનો પુત્ર અને પુત્રવધૂને બીમારી દૂર કરવા માલપુર વાત્રક નદીના કિનારે તાંત્રિક વિધિ કરવી પડશે તોજ બીમારી કાબુમાં આવશે તેમ જણાવી વિશ્વાસમાં લઈ બીમાર મહિલાના પુત્ર અને સગીરવયની પુત્રવધુ ને માલપુર વાત્રક નદીની કોતરોમાં લઈ જઈ વિધિ કરવાનો ડોળ કરી મહિલાના પતિને મોડાસા માઝુમ નદીમાં પાણી અર્પણ કરવાનું જણાવી મોડાસા મોકલી સગીર મહિલાની એકલતાનો લાભ લઈ ભુવાના મગજમાં સવાર વાસનાના ભૂત સાથે તૂટી પડી પીંખી નાખી ફરાર થઈ જતા ભુવાના કારસ્તાનથી ફફડી ઉઠેલી મહિલા તેનો પતિ આવતા જણાવતા પતિ પર આભ તૂટી પડ્યું હતું અને ઢોંગી તાંત્રિકને પાઠ ભણાવવા માલપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસ દુષ્કર્મ આચરી ફરાર કાંતિ અરજણ ભરવાડ વિરુદ્ધ પોસ્કો કલમ હેઠળ બળાત્કારનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટી-બહુજન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે તમામ તાકાત ભાજપને પરાજિત કરવા પર કેન્દ્રિત કરી દીધી છે. એક એક ધારાસભ્ય પર નજર રાખવામાં આવી રહી છે. સંખ્યાબળ મેળવી લેવા માટે સમાજવાદી પાર્ટી અને ભાજપ દ્વારા ડિનર અને જોડતોડની રાજનીતિ પહેલા જ રમાઈ ચુકી છે. ૧૦મી સીટ માટે ચૂંટણી જોરદાર છે. જો નરેશ અગ્રવાલ ભાજપમાં સામેલ થયા ન હોત તો સ્થિતી એટલી બગડી ન હોત. ઉત્તરપ્રદેશમાં રાજયસભા ચૂંટણી ગણતરી મુજબ એક ઉમેદવારની જીત માટે ૩૭ ધારાસભ્યોના ટેકાની જરૂર છે. ભાજપની પાસે ૩૧૧ અને સાથીઓ અપના દળ પાસે નવ, સુભા સભા પાસે ૪ મળીને એનડીએ પાસે કુલ ૩૨૪ ધારાસભ્યો છે. જ્યારે સમાજવાદી પાર્ટીની પાસે ૪૭, બહુજન સમાજવાદી પાર્ટીની પાસે ૧૯, કોંગ્રેસની પાસે સાત, આરએલડી પાસે એક અને નિષાદની પાસે ત્રણ તેમજ અપક્ષ ત્રણ ધારાસભ્યો છે. અખિલેશની ડિનર પાર્ટીમાં રાજા ભૈયા પહોંચી જવાથી બસપાને આશા દેખાઈ રહી છે. નરેશ અગ્રવાલ ભાજપમાં જોડાઈ ગયા બાદ એવી આશંકા તીવ્ર બની છે કે, એસપીમાંથી ધારાસભ્યો તેમના પુત્ર નીતિન અગ્રવાલ ક્રોસ વોટિંગ કરશે. યોગી આદિત્યનાથના આવાસ પર પહોંચેલા નીતિને આ અંગેના સંકેત પણ આપ્યા છે. આવી સ્થિતિમાં સમાજવાદી પાર્ટીનો વોટ ઓછો રહેશે. બીજી બાજુ ભાજપે દાવો કર્યો છે કે, નવમાં ઉમેદવારની શાનદાર જીત થઈ જશે. નીતિન અગ્રવાલના ફટકા વચ્ચે સપા-બસપા માટે કુંડાથી અપક્ષ ઉમેદવાર રાજા ભૈયાની આશા દેખાઈ રહી છે.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી તાંત્રિક રીતે શક્ય નથી. ગાંધીનગર જિલ્લામાં વરસાદી પાણીના નિકાલ માટે કુદરતી વ્યવસ્થા છે. જયારે આ જગ્યાએ ડેમ બાંધવાથી ભારે વરસાદી પાણીના નિકાલમાં રૂકાવટના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ફેલાવાથી જાનમાલને નુકશાન થવાની સંભાવના હોવાથી આયોજન થઈ શકે તેમ નથી.

**● જિલ્લામાં ઉંડા કરાયેલા એકપણ તળાવમાં નર્મદાનુ પાણી નાંખવામાં આવ્યુ નથી**

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરાયા આ પૈકી કેટલામાં નર્મદાનુ પાણી નાંખવામાં આવ્યુ ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં સંબંધિત વિભાગના મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ૧૦ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. જયારે આ પૈકી એકપણ તળાવ ૨ કી મી ની મર્યાદામાં ન હોવાથી તેમાં પાણી નાંખવામાં આવ્યુ નથી જયારે વર્ષ ૨૦૧૮ સુધીમાં દશેલા,શોભાસણ અને લિંબોદરા એમ ત્રણ ગામના તળાવો ઉંડા કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

### 'મોદીકેર'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પસંદગીની ખાનગી હોસ્પિટલોમાં સારવારનો લાભ મળશે. સમગ્ર દેશમાં ગમે ત્યાં પરિવારના સભ્યો સારવાર કરાવી શકશે. ગંભીર બીમાર પડતા અથવા ગંભીર થવાની સ્થિતિમાં સામાન્ય લોકોને રૂ. પાંચ લાખના વીમાનો લાભ મળશે, પરંતુ આરોગ્ય કેન્દ્રોનો લાભ નાની અથવા મોટી એમ કોઈ પણ પ્રકારની બીમારીમાં તુરત લાભ મળશે.

મોદી સરકારની આ મહત્વકાંક્ષી યોજનાથી દેશના ૧૦ કરોડ પરિવારો માટે ૫ લાખ રૂપિયાનું વીમા કવર આપવામાં આવશે. આયુષ્માન ભારત યોજના પ્રમાણે પ્રત્યેક પરિવારને પ્રતિ વર્ષ સારવાર માટે ૫ લાખ રૂપિયા સુધીનું વીમા કવર મળશે. આ યોજના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અને સીનિયર સિટીઝન ઈન્શ્યોરન્સ સ્કીમનું સ્થાન લેશે. નાણાપ્રધાને આ વર્ષે રજૂ કરેલા બજેટમાં આ યોજનાની જાહેરાત કરી હતી. હવે કેબિનેટે તેને મંજૂરી આપી દીધી છે. આ યોજનાને ઉપલબ્ધ અને પારદર્શી બનાવવા માટે આધાર, કિંમત નિયંત્રણ, જેવા ઘણા પ્રકારના ઓળખ પ્રમાણના ઉપાય કરવામાં આવ્યો છે. બીજીતરફ આ રાજ્યો પર નિર્ભર કરશે કે તે આને લાગુ કરવા ઈચ્છે છે કે નહીં. શરૂઆતી જાણકારી પ્રમાણે આ યોજના કેશલેશ હશે અને હાલની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાને નવી યોજનાનું રૂપ આપવામાં આવશે. ૧ એપ્રિલ ૨૦૧૮થી સરકાર પાસે આ માટે ૨ હજાર કરોડ રૂપિયા ઉપલબ્ધ હશે. સમગ્ર ભારતમાં આયુષ્માન પ્રોગ્રામ હેઠળ દોઢ લાખ સ્વાસ્થ્ય કેન્દ્ર બનાવવામાં આવશે. ખાનગી કંપનીઓ પણ આમા ભાગ લઈ શકે છે. યુપીએ સરકારના સમયથી ચાલી રહેલી હાલની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનામાં ગરીબ પરિવારોને ૩૦ હજાર રૂપિયાનું વાર્ષિક કવરેજ પ્રદાન કરવામાં આવતું હતું.

### ગ્રેજ્યુએટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રજાનો ગાળો વધારીને ૨૪ સપ્તાહ કરી દેવામાં આવ્યો છે. ટેક્સ ફ્રી ગ્રેજ્યુએટીની મહત્તમ રકમ કોઈ વ્યક્તિને પૂર્ણ કેરિયર પર આધારિત રહે છે. આનો મતલબ એ થયો કે, સમગ્ર સર્વિસ ગાળામાં ૨૦ લાખ રૂપિયા સુધીની ગ્રેજ્યુએટી ઉપર હવે કોઈ ટેક્સ લાગૂ થશે નહીં. આ ગાળા દરમિયાન કેટલી પણ જગ્યાએ નોકરી કરી હોય તો પણ ફાયદો રહેશે. ૨૦ લાખ રૂપિયાથી વધારાની ગ્રેજ્યુએટી પર ટેક્સ લાગૂ થશે. જો કોઈ કંપનીને લાગે તો તે ફોર્મ્યુલા પર આધારિત ગ્રેજ્યુએટીની રકમથી વધારે રકમ પણ આપી શકે છે. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી એક્ટ ૧૯૭૨માં વધારે ગ્રેજ્યુએટી આપવા પર કોઈ પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી. કાયદામાં માત્ર ગ્રેજ્યુએટીની લઘુત્તમ કરવેરા મુક્તિની રકમ નક્કી કરવામાં આવે છે. ટેક્સ ફ્રી ગ્રેજ્યુએટીની મર્યાદાથી મોટી સંખ્યામાં લોકોને ફાયદો થનાર છે. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી એક્ટ ૧૯૭૨ ફેક્ટ્રી, ખાણો, બંદર, રેલ કંપનીઓ, દુકાનો અન્ય સંસ્થાઓમાં કામ કરતા લોકો માટે લાવવામાં આવ્યા બાદ કર્મચારીઓને સીધો ફાયદો થયો હતો. આ કાયદો ૧૦થી વધારે કર્મચારી ધરાવતી કોઈપણ સંસ્થામાં સતત પાંચ વર્ષ સુધી કામ કરનાર લોકો ઉપર લાગૂ થાય છે. કેટલી ગ્રેજ્યુએટી મળી શકે છે તે બે બાબતો ઉપર આધારિત રહે છે. માસિક બેઝિક પગારની બાબત મહત્વપૂર્ણ રહે છે. નોકરીમાં કેટલા વર્ષ પસાર કર્યા છે તેની નોંધ લેવામાં આવે છે. કાયદાની કલમ ચાર હેઠળ ગ્રેજ્યુએટીની મહત્તમ મર્યાદા વર્ષ ૨૦૧૦માં ૧૦ લાખ રૂપિયા કરવામાં આવી હતી.